# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## બુધવાર, ૧૯ માર્ચ, ૨૦૨૫

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - ન્યાયતંત્ર - વૈધાનિક અને સંસદીય બાબતો - પ્રવાસન - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - વન અને પર્યાવરણ - કલાઇમેટ ચેન્જ ].

કુલ પ્રશ્નો 57

----

### સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા

15/6/1572 *1 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા અંગદાતા નોંધાયા,

(૨) ઉક્ત દાતાઓમાંથી કેટલા અને કયા અંગો દાનમાં મળેલ છે, અને

(૩) ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શી કામગીરી હાથ ધરવામાં આવેલ છે?

----

### વલસાડ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ

15/6/1558 *2 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## તાપી અને વલસાડ શહેર/જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર જગ્યાઓ

15/6/2408 *3 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ તાપી અને વલસાડ શહેર/જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓની ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

## અમદાવાદ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

15/6/1753 *4 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ અને યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ખાલી રહેલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સરકારી પોલીટેકનીક કોલેજનું મંજૂર મહેકમ

15/6/2197 *5 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સરકારી પોલીટેકનીક કોલેજનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે?

----

## રી-સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી એન્ડ રી-કન્સ્ટ્રક્શન ઓફ કોલેજ એફિલીએશન સીસ્ટમ માટે પેટા સમિતિની રચના

15/6/2422 *6 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૪-૦૯-૨૦૨૦થી રી-સ્ટ્રક્ચરીંગ ઓફ યુનિવર્સિટી એન્ડ રી-કન્સ્ટ્રક્શન ઓફ કોલેજ એફિલીએશન સીસ્ટમ માટે પેટા સમિતિની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ આ સમિતિનો રીપોર્ટ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રીપોર્ટ અન્વયે સરકારે શા પગલા લીધા?

----

## ભાવનગર જિલ્લામાં વિનયન અને વાણિજ્ય પ્રવાહની સરકારી કોલેજો

15/6/1548 *7 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી વિનયન અને વાણિજ્ય પ્રવાહની સરકારી કોલેજો આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને

મંજૂરી આપવામાં આવી છે?

----

## વિજાપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/6/1550 *8 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## અમદાવાદ અને રાજકોટ શહેર/જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ

15/6/2434 *9 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ શહેર/જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીન પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે એકથી વધુ વખત ફરિયાદો મળી હોય તેવા એકમો કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રદૂષણ ફેલાવતા કેટલા એકમો સામે શા પગલા લેવામાં આવ્યા?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હવા અને પાણીના પ્રદૂષણ અંગે ફરિયાદો

15/6/1517 *10 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ કેટલા અને ક્યાં એકમો સામે હવા અને પાણીનું પ્રદૂષણ

ફેલાવતા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત એકમો સામે ક્યારે અને શું કાર્યવાહી કરવામાં આવી?

----

## જુનાગઢ જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠીઓ

15/6/1561 *11 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**કલાઇમેટ ચેન્જ :-**

માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં વિભાગ દ્વારા કેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠીઓ બેસાડવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલી રકમનો ખર્ચ થયો છે?

----

## ધોળાવીરા હેરીટેજ વિલેજ માટે કામગીરી

15/6/1552 *12 **શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળાવીરા હેરીટેજ વિલેજના વિકાસ માટે શી કામગીરી કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

----

## સાબરમતી નદીમાં દૂષિત પાણી છોડવા બાબત

15/6/2441 *13 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેરના મોટેરા ખાતે આવેલ રિવરફ્રન્ટના નાળામાંથી ગટરનું દૂષિત પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સાબરમતી નદીમાં પાણી દૂષિત ન થાય તે માટે

છેલ્લા બે વર્ષમાં વિભાગ દ્વારા શા પગલા ભરવામાં આવ્યા છે?

----

**કચ્છ જીલ્લામાં વન કવચ યોજના**

15/6/1579 *14 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલી વન કવચ યોજનાઓ મંજૂર કરવામાં આવી,અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**પાટણ અને અમદાવાદ શહેર/જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર જગ્યાઓ**

15/6/2412 *15 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ શહેર/જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓની ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

**ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટરમાં રાહત દરે સારવાર**

15/6/1570 *16 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા દર્દીઓએ સારવાર લીધી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાહત દરે તેમજ વિનામૂલ્યે કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

----

## કોકલિયર ઈમ્પ્લાન્ટવાળા બાળકોને સ્પીચ થેરાપી માટે કોલેજ

15/6/1568 *17 **ડૉ. હસમુખ પટેલ (અમરાઇવાડી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતમાં કોકલિયર ઈમ્પ્લાન્ટવાળા બાળકોને આપવામાં આવતી સ્પીચ થેરાપી માટેની કોઈ કોલેજ શરૂ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોને લાભ મળેલ છે?

----

## ધોરડો ખાતે પ્રવાસીઓની સુવિધાઓ

15/6/1551 *18 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના ધોરડો ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા માટે શી કામગીરી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત કામગીરીમાં કયા પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે?

----

## ચેરીટીતંત્રના જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, અરવલ્લી (મોડાસા)નું મકાન બાંધકામ બાબત

15/6/1562 *19 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ચેરીટીતંત્રના જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, અરવલ્લી (મોડાસા) નવા મકાન બાંધકામ અંગે નિર્ણય લેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત મકાન બાંધકામ અંગે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## વ્યારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/6/1554 *20 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે સુપર-સ્પેશ્યાલિટી સેવાઓ

15/6/1573 *21 **શ્રીમતી દર્શના એમ વાઘેલા (અસારવા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે કઈ સુપર-સ્પેશ્યાલિટી સેવાઓ ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી કેટલી સુપર સ્પેશ્યાલિટી સર્જરી કરવામાં આવી?

----

## ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/6/1556 *22 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય

15/6/1547 *23 **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

----

## રાજ્યમાં મંજૂર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

15/6/1565 *24 **શ્રીમતી કંચનબેન વિનુભાઇ રાદડિયા (ઠક્કરબાપાનગર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલા છે?

----

## ભાવનગર ખાતે સિવિલ હોસ્પિટલ તથા માતૃ બાળ હોસ્પિટલનું આયોજન

15/6/1574 *25 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર સરકારી મેડિકલ કોલેજ ખાતે સિવિલ હોસ્પિટલ તથા માતૃ બાળ હોસ્પિટલના બાંધકામનું કોઈ આયોજન છે,

(૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત હોસ્પિટલમાં કઈ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બાંધકામની કામગીરી કયા તબક્કે છે?

----

## જેસોર અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવા બાબત

15/6/2429 *26 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**પ્રવાસન :-**
માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ જેસોર અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે ક્યારે જાહેર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવાસન સ્થળના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા વિકાસના કામો માટે કેટલી રકમ ફાળવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા કામો પૂર્ણ થયા અને કયા કામો બાકી છે?

----

## ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/6/2186 *27 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## પાટણ જિલ્લાની સેસન્સ કોર્ટમાં વકીલોની નિમણૂક

15/6/2428 *28 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કાયદો :-**
માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લાની સેસન્સ કોર્ટમાં મુખ્ય સરકારી વકીલ સહિત અન્ય મદદનીશ સરકારી વકીલોની વયમર્યાદા પૂર્ણ થયેલ છે અને નિમણૂક અવધિ પણ વર્ષ ૨૦૦૫માં પૂર્ણ થયેલ છે, એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા કેટલા સમયથી ઉક્ત અધિકારીઓની નિમણૂક માટે જાહેરાત આપેલ નથી,

(૩) ઉક્ત સ્થિતિએ આ જાહેરાત નહીં આપવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત નિમણૂકો ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

----

## મહિસાગર અને કચ્છ શહેર/જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર જગ્યાઓ

15/6/2410 *29 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર અને કચ્છ શહેર/જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓની ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

## લુણાવાડા તાલુકામાં આવેલ કોટેજ હોસ્પિટલમાં મશીનરી અને સ્ટાફ

15/6/2406 *30 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-.

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ કોટેજ હોસ્પિટલમાં મશીનરી તેમજ પૂરતો સ્ટાફ નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બાકી રહેલ જગ્યાઓ અને ખૂટતી મશીનરીઓ ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવશે?

----

## ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/6/1553 *31 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું

વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ સ્કીમ સંચાલિત દવાખાના

15/6/2404 *32 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લામાં ઈ.એસ.આઈ.એસ. (એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ સ્કીમ) સંચાલિત દવાખાના કાર્યરત નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા જિલ્લાઓમાં દવાખાના બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## કોડીનારમાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ કોર્ટની સ્થાપનાને મંજૂરી

15/6/1563 *33 **ડૉ. પ્રદ્યુમન ગનુભાઇ વાજા (કોડીનાર):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા ખાતે પૂર્ણ સમયની પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

----

## યુનિવર્સિટી અને કોલેજોને નેક (NAAC) ની માન્યતા મેળવવા બાબત

15/6/2420 *34 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**
પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા. ૧૪-૦૯-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક *૧૫/૩/૪૪૨(અગ્રતા-૯૯)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ)ની કુલ ૮૮-યુનિવર્સિટી અને ૨૩૭૧-કોલેજોએ માન્યતા મેળવવાની બાકી હતી તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ કુલ કેટલી યુનિવર્સિટી અને કોલેજોને માન્યતા મળેલ છે અને કેટલી યુનિવર્સિટી અને કોલેજોને માન્યતા મેળવવાની બાકી છે,

(૨) ઉક્ત યુનિવર્સિટી અને કોલેજોને માન્યતા મેળવવાની બાકી છે તે પૈકી કેટલી સરકારી અને કેટલી ખાનગી છે, અને

(૩) નેકની માન્યતા ન મેળવી હોય તેવી યુનિવર્સિટી અને કોલેજો સામે શા પગલા લીધા?

----

## સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ

15/6/1543 *35 **શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર (દસાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે?

----

## ગીર વિસ્તારમાં આવેલા ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા યોજના

15/6/1564 *36 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર વિસ્તારમાં આવેલા ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા માટે સરકારની કઈ યોજના કાર્યરત છે,

(૨) ઉક્ત યોજના અન્વયે વર્ષવાર ગીર વિસ્તારમાં કેટલા ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને તેઓને કેટલી રકમ ચૂકવવામાં

આવી છે?

----

## સુરત ખાતે વિભાગીય ફુડ અને ડ્રગ લેબોરેટરીના નવીન બાંધકામ બાબત

15/6/1542 *37 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ સુરત ખાતે વિભાગીય ફુડ અને ડ્રગ લેબોરેટરીના મકાનનું નવીન બાંધકામ મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે?

----

## ખાનગી મેડિકલ કોલેજોમાં ફી વધારો

15/6/1754 *38 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ખાનગી મેડિકલ કોલેજોમાં સરકારે અલગ અલગ ક્વોટાની ફીમાં કેટલો વધારો જાહેર કર્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફી વધારાના સંદર્ભે કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્થિતિએ ઉક્ત રજૂઆતોના સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વનીકરણ

15/6/2198 *39 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે,

અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

**ભરૂચ અને વડોદરા શહેર/જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ**

15/6/2436 *40 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ ભરૂચ અને વડોદરા શહેર/જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીન પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે એકથી વધુ વખત ફરિયાદો મળી હોય તેવા એકમો કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રદૂષણ ફેલાવતા કેટલા એકમો સામે શા પગલા લેવામાં આવ્યા?

----

**ડાંગ અને તાપી જિલ્લામાં સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સ્ક્રિનીંગ**

15/6/2419 *41 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ ડાંગ અને તાપી જિલ્લામાં તાલુકાવાર સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલી સ્ક્રિનીંગ કિટો શા ભાવે ખરીદવામાં આવી?

----

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘાસ પલળી /નાશ થવા બાબત**

15/6/1518 *42 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ

દ્વારકા જીલ્લામાં વન વિભાગ હસ્તક સંગ્રહ કરેલું કેટલું ઘાસ પલળી ગયું કે નાશ પામેલ છે,

(૨) ઉક્ત ઘાસ પલળી જવા કે નાશ પામવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘાસ પલળી જવા કે નાશ પામવા માટે જવાબદારો સામે શું પગલા લેવામાં આવ્યા?

----

## કચ્છ અને મોરબી શહેર/જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ

15/6/2440 *43 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ કચ્છ અને મોરબી શહેર/જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીન પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે એકથી વધુ વખત ફરિયાદો મળી હોય તેવા એકમો કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રદૂષણ ફેલાવતા કેટલા એકમો સામે શા પગલા લેવામાં આવ્યા?

----

## કચ્છ જીલ્લામાં વન વિભાગને વળતર વનીકરણ હેઠળ જમીનની ફાળવણી

15/6/1580 *44 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર વન વિભાગને કયા કયા સ્થળે વળતર વનીકરણ હેઠળ કેટલા હેક્ટર જમીન ફાળવવામાં આવી?

----

## અરવલ્લી અને દાહોદ જિલ્લામાં સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સ્ક્રિનીંગ

15/6/2413 *45 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોનું સ્કિનીંગ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલી સ્કિનીંગ કિટો શા ભાવે ખરીદવામાં આવી?

----

## રાજ્યમાં દીપડાના વધતા જતા હુમલા

15/6/2446 *46 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં દીપડાના વધતા જતા હુમલાથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેને નિયંત્રિત કરવા લેપર્ડ (દીપડા) પાર્ક બનાવવાની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

----

## રાજ્યની અનુદાનિત હોસ્પિટલોના કર્મચારીઓને સાતમું પગારપંચ

15/6/2405 *47 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની અનુદાનિત હોસ્પિટલોના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સાતમા પગારપંચનો લાભ ન આપવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત પગારપંચનો લાભ આપવાનું સરકારનું શું આયોજન છે?

----

## નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ

15/6/2411 *48 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે કેટલી રકમની માંગણી કરવામાં આવી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં સરકારી વિનયન કોલેજ

15/6/2424 *49 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કેટલી સરકારી વિનયન કોલેજ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં નવી સરકારી વિનયન કોલેજ શરૂ કરવાની કેટલી રજૂઆતો મળી, અને

(૩) તે અન્વયે ક્યારે અને કેટલી સરકારી વિનયન કોલેજોને મંજૂરી આપવામાં આવી?

----

## વલસાડ અને સુરત શહેર/જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ

15/6/2432 *50 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ વલસાડ અને સુરત શહેર/જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક એકમો સામે હવા, પાણી, ધ્વનિ અને જમીન પ્રદૂષણ ફેલાવતા હોવાની ફરિયાદ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે એકથી વધુ વખત ફરિયાદો મળી હોય તેવા એકમો કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રદૂષણ ફેલાવતા કેટલા એકમો સામે શા પગલા લેવામાં આવ્યા?

----

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ગુણ સુધારણા બાબતે તપાસ સમિતિનો અહેવાલ

15/6/2421 *51 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા. ૧૪-૦૯-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫/૩/૪૩૦(અગ્રતા-૪૮)ના અનુસંધાને માનનીય ઉચ્ચ અને તાંત્રિક મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ વર્ષ MBBS પુનઃ મૂલ્યાંકન ગુણ સુધારણા પ્રકરણ બાબતે પૂર્વ એ.સી.એસ. ગૃહ વિભાગ શ્રી પંકજ કુમારની તપાસ સમિતિએ તા. ૧૯-૦૮-૨૦૨૧ના અહેવાલ સરકારને આપેલ તે અહેવાલ અન્વયે યુનિવર્સિટીના જવાબદારો સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ મુજબ કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને કેટલા જવાબદારો સામે શાં પગલા લીધા,અને

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરીને જવાબદારો સામે પગલાં લેવામાં આવશે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું આયોજન

15/6/1520 *52 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ક્યાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનું આયોજન છે,

(૨) ઉક્ત પ્રવાસન સ્થળવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યાં કારણોસર વણવપરાયેલી રહી?

----

## બનાસકાંઠા અને મહેસાણા શહેર/જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર જગ્યાઓ

15/6/2409 *53 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને મહેસાણા શહેર/ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓની ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

## અબડાસા અને લખપત તાલુકામાં મિસ્ટી યોજના

15/6/1549 *54 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં મિસ્ટી (MISTI) યોજના હેઠળ કોઈ કામો કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સ્ક્રિનીંગ

15/6/2418 *55 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર સિકલ સેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલી સ્ક્રિનીંગ કિટો શા ભાવે ખરીદવામાં આવી?

----

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વૃક્ષોનું છેદન

15/6/2447 *56 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલા જંગલના વૃક્ષોનું ગેરકાયદેસર રીતે છેદન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવૃત્તિ કરતાં કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) ઉક્ત ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## આણંદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર જગ્યાઓ

15/6/2416 *57 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ આણંદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓની ઘટ પૂરી કરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----